## કડીમાં સર્વ નેતૃત્વની 28મી બેચની નિવાસી તાલીમ યોજાઇ

# છાત્રોમાં શુન્યમાંથી સર્જવાની શક્તિ છે

ભાસ્કર ન્યૂઝ. ગાંધીનગર



કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સર્વ નેતૃત્વની 28મી બેચની 5 દિવસીય નિવાસી તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી કોલેજના સ્ટુડન્ટ્સે ભાગ લીધો હતો. તેમાં નિષ્ણાત તરીકે અનુરાગ મેહતા ઉપસ્થિત રહીને નેતૃત્વના ગુણ વિકસવવાની તાલીમ આપી હતી. આ કાર્યક્રમમાં સીઆઇઆઇ, સીએસઆરના ચેરમેન નીરજલાલ અને શ્રી રામચંદ્ર સેન્ટર ફોર મેડિટેશનના ઝોનલ હેડ કેજલ કંસારા, ડૉ. યોગેશ પટેલ અને પ્રો. ઉમેશ કોલ્હે સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમના સમાપન પ્રસંગે ડૉ. યોગેશ પટેલે જણાવ્યું હતું કે,આજના યુવાનો પ્રચંડ શક્તિથી ભરપુર છે, જો તેમને યોગ્ય માર્ગદર્શન અને ઉપયોગ કરવામાં આવે તો તેઓ શૂન્યમાંથી સર્જન કરવા માટે સક્ષમ છે.

ટ્રેનર દ્વારા સ્વ વિકાસથી શરૂ કરી રાષ્ટ્રવિકાસમાં આજના યુવા વિદ્યાર્થીઓ કેવી રીતે સહભાગી થઈ શકે, દરેક પરિસ્થિતિમાં હકારાત્મકતા દાખવવા અને જીવનમાં નક્કી કરેલ લક્ષ્ય સુધી પહોંચવા કઈ બાબતોનું ધ્યાન રાખવું તેનું માર્ગદર્શન અપાયુ હતું.

Scanned by CamScanner